# ઘવાયેલા ઘેટાની સારવારનું તત્વજ્ઞાન

ન બોલવામાં નવ ગુણ

★ નટવર પંડયા

એક બહેનનું સ્ટેટસ વાંચ્યું એટલે કે વંચાઈ ગયું. બહેનોના સ્ટેટસમાં આવું થાય. સ્ટેટસ કંઈક આવું હતુ.. "પંડિતાઈ કરતા પ્રેમાળ હૃદય વધારે સારું છે અને શાળાઓમાંથી પ્રાપ્ત થતા ડાહપણ કરતા એક ઘવાયેલા ઘેટાની સારવાર કરવી વધારે સારી છે એ જગતના મોટા મોટા તત્વજ્ઞાનનો કરતા વધારે ઊંચું છે."(લખાણ મૂળ સ્વરૂપે જ રાખ્યું છે.) આ સ્ટેટસમાં છેલ્લા વાક્યમાં જે લખ્યું છે તે મુજબ આ સ્ટેટસનું તત્વજ્ઞાન જેટલું ઊંચું છે, એટલું જ ઊંડું છે. એટલે તેને બેમાંથી એકેય છેડે આંબી શકાય તેમ નથી. જગતભરમાં કોઈ તત્વજ્ઞાન આટલું ઊંચું અને ઊંડું હોય એવું અમે જોયું નથી. એટલે કહી શકાય કે 'It happens in only india!'સાથોસાથ આ સ્ટેટ્સ દેશની અત્યારની શિક્ષણ પદ્ધતિ તરફ પણ અંગૂલી નિર્દેશ કરે છે કે 'શાળાઓમાંથી પ્રાપ્ત થયેલું ડહાપણ કોઈ ખપનું નથી. માટે ઘવાયેલા ઘેટાની સારવારમાં લાગી જવું.'જો ઘવાયેલા ઘેટાની સારવારમાં લાગી જઈએ તો બાપુજી ગુસ્સે થાય કે અલ્યા ભણવા જા, નહીં તો આખી જિંદગી ઘેટા ચરાવવા પડશે. એટલે યુવાન દ્વિધા અનુભવે કે સેવાનો માર્ગ પકડું કે શાળાનો! વડીલો તેને એવી શિખામણ આપે કે અલ્યા, શાળાએ જઈશ તો સાળાને પામીશ. એટલે પછી શાળાની દિશા પકડે છે. છતાં ઘેટું મગજમાંથી જતું નથી.

જો તમારામાં સાહિત્યિક દ્રષ્ટિ હશે તો જે રીતે બિલાડી અંધારામાં પણ ઉંદરને પકડી લે છે એ રીતે તમે આ સ્ટેટસમાં રહેલા કાવ્યતત્વને પકડી લેશો. કારણકે અહીં લખ્યું છે કે 'ઘવાયેલા ઘેટાની સારવાર'તો આમા 'ઘ'નો કેવો સુંદર વર્ણાનુપ્રાસ છે. અહીં ઘવાયેલા ઘેટાંની અડધી પીડા તો ઉત્તમ કાવ્યતત્વ અને વર્ણાનુપ્રાસથી શાંત થઈ જાય અને પછી અડધી તમે સારવારથી શાંત કરી દો, તો જુઓ ઘેટુ સાવ સાજુ થઈ ગયું કે નહીં! આને કહેવાય કુદરતી ઉપચાર! એટલા માટે જ સમાજમાં કવિતા જરૂરી છે. ઉપરાંત આ સ્ટેટસમાં ઉત્તમ પ્રકારનું ચિંતન પણ છે કારણ કે જેમ પાકી ગયેલો લગ્નોત્સુક યુવાન (વાંઢો) કન્યાની શોધમાં કતારગામથી છેક કતાર સુધી પહોંચે છે. એમ અહીં વાત 'પશુચિકિત્સાથી શરૂ થઈને છેક પરમતત્વ સુધી પહોંચે છે.'આમ આવી બહેનોના સ્ટેટસમાંથી લોકોને જિંદગી જીવવાની જડીબુટ્ટી મળી જાય છે. ( અને જડીબુટ્ટી નું રિએક્શન આવે તોય ખબર પડતી નથી!)

અહીં સ્ટેટસ સર્જકની પ્રયોગશીલતા જુઓ, સર્જકે 'ઘવાયેલું ઘેટું'જ શા માટે પસંદ કર્યું!? 'ઘવાયેલું ઘુવડ'કે 'ઘવાયેલું ઘોરખોદું (ઘોરખોદીયું-Honey badger) કેમ પસંદ ન કર્યું! વર્ણાનુપ્રાસ તો તેમાંય સરસ બેસે છે. વળી ઘુવડ અને ઘોરખોદું ખૂબ જ રહસ્યમય પ્રાણીઓ છે. જો તે ઘવયેલા હોય તો તો વાત એકદમ ઇન્ટરેસ્ટિંગ બને. છતાં તેની સારવાર કરવાનું બોધદાતાએ નથી સૂચવ્યું. કારણ કે ઘુવડ અને ઘોરખોદું બંને નિશાચર છે. એ લોકો પણ બધા જ નિર્ણયો રાત્રે જ લે છે. તેને માનવજાત સાથે સીધો સંબંધ નથી ( 'ને આડો ય નથી.) એ લોકો ઘાએ તાએ ઘાયલ થતા નથી. તમે ભૂતકાળમાં ઘવાયેલું ઘોરખોદું




**ઘેટું માણસને ઊન આપે છે અને માણસ ઘેટાને કોરું આશ્વાસન આપે છે કે 'મૈં હુ ના!'**

કે ઘવાયેલું ઘુવડ ક્યારે જોયું'તું!? નથી જોયું ને! અમે પણ નથી જોયું. અમે તો 'સ્વસ્થ ઘોરખોદું'ય નથી જોયું. તેનો અર્થ એ જ કે ઘોરખોદું કે ઘુવડ ઘવાય છે. તેની આપણને ખબર જ નથી પડતી. ખબર જ ન પડે તો સારવાર કેવી રીતે કરવી! આમ છતાં પણ જેમ વહેતું પાણી પોતાનો રસ્તો શોધી લે છે. એમ કેટલાક તીવ્ર સેવાભાવી મનુષ્યો સેવાના રસ્તા શોધી લે છે. તેઓ સૌ પ્રથમ કોઈ પશુને ઘાયલ કરે છે અને પછી તેની સારવાર કરે છે. જેણે સેવા જ કરવી છે એને શુ! જો કોઈને ઘોરખોદું કાળિયોકોશી,ખેરખટ્ટો, અબાબીલ શક્કરખોરો, લટોરો કે લક્કડખોદ ઘવાયેલા જોવા મળે તો તરત જ પ્રાણીઓની સારવાર કરતી સંસ્થાને કે સરકારના વેટરનરી ડોક્ટરને ફોન કરે એટલે સારવારનું કામ તે લોકો સંભાળી લે છે. પણ ઘેટામાં આવું બનતું નથી. કારણ કે જેમ જનતા માથે (પરાણે)નેતા હોય છે તેમ ઘેટા માથે તેનો માલિક હોય છે. માલિક તેના ઘેટાની સારવાર બીજાને કરવા દેતો નથી. કારણ કે તો પછી ભવિષ્યમાં ઘેટુ બીજાનું થઈ જાય. એટલે સારવાર તે પોતે જ કરાવે છે. જોકે પછી ઘેટાની કીમતી ઊન વેચીને તે સારવારનું બિલ વસૂલ કરી લે છે. તો પણ ઘેટાઓને થાય કે મારા માલિકે મારી મફતમાં સારવાર કરી.

ઘવાયેલા ઘેટાની સારવારના મુદ્દે મે જ મને પ્રશ્ન પૂછ્યો. આવા કિસ્સાઓમાં બીજાને પ્રશ્નો ન પુછાય! કારણ કે એક તો ભયંકર મંદીને કારણે લોકોના ધંધા ચોપટ થઈ ગયા છે અને તેમાંય માથે દિવાળી ગાજે છે, નાણાં ચૂકવવાના છે. એટલે માર્કેટમાં મનુષ્ય મર્કટ જેવો થઈ ગયો છે. એટલે કે ઘવાયેલો તો છે જ. આવા ઘવાયેલા ઘેટાને પ્રશ્નો પૂછીએ તો કદાચ આપણે ઘવાઈ જવાનો વખત આવે. એટલે આવા તત્વજ્ઞાનના પ્રશ્નો પોતાની જાતને જ પૂછવા. જેથી કરીને 'જાત સાથેની જાતરાં'થાય પણ હોસ્પિટલની ન થાય.

વાચકમિત્રો ફરી એકવાર તમે તમારી જાતને પ્રશ્ન પૂછજો કે તમે છેલ્લે ઘવાયેલું ઘેટું ક્યારે જોયેલું? યાદ નથી ને! અમનેય નથી. ચાલો ઘવાયેલું છોડો, સ્વસ્થ ઘેટું ક્યારે જોયું'તું? તો તે પણ યાદ નહીં આવે. અરે કેટલાકનો તો આખો જન્મારો પૂરો થઈ જાય તો પણ તેણે ઘેટું જ ન જોયું હોય. તેથી કાંઈ ઘવાયેલું ઘેટું જોવા માટે બીજો જન્મ તો ન જ લેવાય ને! એના કરતાં તો સીધો ઘેટાનો જ અવતાર લઈ લેવો સારો. આમ 'જનતાને સામાન્ય રીતે ઘવાયેલાં ઘેટા જોવા મળતા નથી.'તે બાબતથી બોધદાતા સુવિદિત છે. છતાં પ્રશ્ન થાય કે તો પછી આવું કેમ કહ્યું!? તો અમે અગાઉ કહ્યું છે ને કે આમાં ઊંડું તત્વજ્ઞાન રહેલું છે. એટલે જો મૂળ 'તત્વ'ને પકડીને ચાલીએ તો 'જ્ઞાન'પ્રાપ્ત થાય. તે બંને ભેગા મળીને એક યુનિટ બને તે તત્વજ્ઞાન. તત્વજ્ઞાન કહે છે કે ઘેટું એટલે બીજું કોઈ નહીં પણ આપણે પોતે જ! વળી ઘેટું એકલદોકલ હોય નહીં તે ટોળામાં જ હોય. એમ આપણે મનુષ્યો પણ એકલા નહીં પણ ટોળામાં જ હોય. એટલે બધા મનુષ્ય ઘેટા જ છે અને છેલ્લા કેટલાય વર્ષોથી આપણે ત્યાં ભલે ઊનનું ઉત્પાદન ઘટ્યું હોય ઘેટાની સંખ્યા ખૂબ વધી છે. કારણ કે છેલ્લા કેટલાક વર્ષોથી આપણે ત્યાં ઘેટાં ઉછેર કેન્દ્રો સારા પ્રમાણમાં વિકસ્યા છે. અને અંતિમ ધ્યેય એવું છે કે દરેક મનુષ્ય એક ઘેટું જ હોવો જોઈએ. કારણ કે ઘેટાને દોરવા (લીડ કરવા) સહેલા છે. એક ઘેટું બીજાને, બીજું ત્રીજાને ત્રીજું ચોથાને અનુસરે ફોલો કરે છે. તેનાથી જે પ્રવાહ પેદા થાય છે તેને 'ગાડરિયો પ્રવાહ'કહેવાય છે. એટલે ઘેટા ઉછેર કેન્દ્રને વિકસાવવા માટે પૂરજોશમાં પ્રયત્નો થઈ રહ્યા છે. આમ આપણે ત્યાં કરોડોની સંખ્યામાં ઘેટાં છે અને તેમાંથી કેટલાય ઘેટાં ઘવાયેલા છે. તેમાં પણ બે પ્રકાર છે. એક તો પહેલી નજરે જ દેખાય તે રીતે ઘવાયેલા ઘેટા અને બીજા માનસિક રીતે ઘવાયેલા ઘેટા. આ બધાને સારવારની જરૂર છે એટલે ઘવાયેલા ઘેટાની સારવાર પર ભાર મૂકવામાં આવ્યો છે. આજના સમયમાં આ રીતે પતિ પણ એક ઘવાયેલું ઘેટું જ છે એટલે સ્ટેટસ મુજબ પત્નીએ 'શાળામાંથી જે ડહાપણ મેળવ્યું હોય તેને બાજુએ મૂકી ઘવાયેલા ઘેટાની સારવાર કરવી. તો ઘેટું વધારે ઊન વધારે આપશે.'

બીજું કે ઘવાયેલા ઘેટાની સારવાર પર એટલા માટે ભાર મૂકવામાં આવ્યો છે કે ઘેટાને મનુષ્ય સાથે સીધો સંબંધ છે. ઘેટું માણસને ઊન આપે છે અને માણસ ઘેટાને કોરું આશ્વાસન આપે છે કે 'મૈં હુ ના!'

પછી જ્યારે ઘેટાના શરીર પર ભરપૂર ઊન થઈ જાય છે ત્યારે તેનો માલિક તે ઊન કાપીને વેચી નાખે છે. ઘેટાં તેની સામે કોઈ વિરોધ કરી શકતા નથી. ઘેટાની કેટલીક માગણીઓ હોય છે પણ તે પૂરી થતી નથી. પછી તેના શરીર પર નવી ઊન આવે બીજી વાર ઊન કાપવાનો સમય આવે ત્યાં સુધીમાં ઘેટું પોતાની માગણીઓ ભૂલી જાય છે અને ખુશી ખુશીથી ઊન સમર્પિત કરી દે છે.

પણ ખાસ મુદ્દો એ પણ છે કે પહેલા ભણી લેવું. પછી ઘવાયેલા ઘેટાની સારવાર કરવા મેદાને પડવું. કારણ કે નહીં તો તમે ઘેટાની સારવારમાં લાગ્યા હશો અને પેલી બાજુ સ્કૂલવાળા બોલાવશે. એટલે નહીં તો તમે ઘેટાની સારવાર કરી શકો કે નહીં તો ભણી શકો. એટલે બાવાના બેઉ બગડ્યા જેવું થશે. (જોકે બાવાના બેઉ બગડ્યા એ કહેવત હવે આઉટ ઓફ ડેટ થઈ ગઈ છે.) કેટલાક ભાઈઓ બહેનો ભણવામાં ખૂબ તેજસ્વી હોય છે. તેઓ સારું મેરિટ પ્રાપ્ત કરી M.D., M.S. જેવી મેડિકલની ઉચ્ચ ડીગ્રી મેળવી ડોક્ટર બને છે અને પછી તબીબી પ્રેક્ટિસ શરૂ કરે છે ત્યારે તેને ખ્યાલ આવે છે કે ડોક્ટર થઈને શું કાંદા કાઢી લીધા આખરે તો ઘવાયેલા ઘેટાની જ સારવાર કરવાની છે ને!

કેટલાક લોકો સારી સારી બાબતોનો જીવનમાં તરત જ અમલ કરે છે, એ પણ એક સારી બાબત છે. અમારા એક મિત્ર આ સ્ટેટસ વાંચ્યું પછી તેને માહિતી મળી કે ગામમાં એક પશુપાલકનું ઘેટું ઘવાયેલું છે. ઘાયલ થયેલું છે. 'પૂછો તો ખરા ઘાયલને શું થાય છે.'એવું ગાતો ગાતો મિત્ર બે ત્રણ દિવસ ઘેટાની સારવાર કરવા ગયો. તો ત્રીજે દિવસે પશુપાલક લાકડી લઈને તેને મારવા દોડયો. કારણ કે તેણે એક ઘેટાની સારવાર કરી તેમાં બીજા બે ઘેટા મરી ગયા. એટલે જો તમે આવી સારવાર કરવાના હો તો ઘવાયેલા ઘેટાની સારવાર રહેવા દેજો.

## ગરમાગરમ

*ગર્લફ્રેન્ડ તેના બોયફ્રેન્ડની છાતી પર માથુ રાખીને કહે, "જાનુ, તારું દિલ તો કડક છે અને મુલાયમ પણ છે! બોયફ્રેન્ડ કહે, "વેવલી ન થા. કડક લાગે છે તે માવો છે અને મુલાયમ લાગે છે તે ચૂનાની પડીકી છે. (-હિતેન્દ્ર વાસુદેવના સંગ્રહમાંથી).*